# પ્રાંતિજના રણછોડપુરા ગામે ત્રીજા દિવસે પણ શાળાના વિદ્યાર્થી ઘરે



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રણછોડપુરા ખાતે શાળાના તાળાં તો ખુલ્યાં પણ શાળામાં બાળકો ના આવતા હાલ તો આ શાળા બાળકો વિહોણી બની છે. શિક્ષણ વિભાગની હુસ અને વાલીઓની પકર વચ્ચે બાળકોના અભ્યાસની સાથે ભાવી ઉપર અસર પડી છે. પ્રાંતિજના રણછોડપુરા ગામે શિક્ષિકાની બદલીને લઈને નવ મહિના બાદ ગામજનોમાં રોષ ભભૂકી ઉઠયો હતો અને શાળામા પુનઃ તાળાં બધી કરી હતી પણ શાળાની શિક્ષિકાઓ દ્વારા વાલીઓ તથા ગ્રામજનોને પોલિસ ફરીયાદની ધમકી આપતાં અને પ્રાંતિજ પોલિસ સ્ટેશનમા ગ્રામજનો તથા વાલીઓ વિરૂધ્ધ અરજી આપતાં શાળાનાં તાળાં તો ખુલ્યાં પણ ગ્રામજનો તથા વાલીઓ શિક્ષિકા સંગીતાબેન પટેલની માંગણીને લઈને પોતાના બાળકોને શાળામાં મોકલતા નથી. ત્યારે હાલ તો આ માસુમ બાળકો પીસાઈ રહ્યાં છે. બીજી તરફ વાલીઓ અને ગ્રામજનો હિંમતનગર ખાતે જિલ્લા શિક્ષણાઅધિકારીને મલ્યા પણ શિક્ષિકાની બદલી નહી કરવાની કહેતાં વાલીઓ પણ હાલ તો હઠ લઈને બેઠા છે કે ગમે તે થાય પણ આ શિક્ષિકાબેન અમારે જોઈએ નહી અને છેલ્લા ત્રણ દિવસથી પોતાના બાળકોને શાળામાં મોકલતા નથી. બીજી બાજુ ગ્રામજનો ગાંધીનગર સુધી લાંબા થવાનું નક્કી ક્યું છે અને નિયામકને મલવા જવાના છે તેવું રણછોડપુરા ગ્રામના ડેપ્યુટી સરપંચ સાથે ટેલીફોન ઉપર પુછતાં તેવોએ જણાવ્યું હતું. ત્યારે હાલ તો પરીક્ષાઓ માથે ચડીને આવે છે અને બીજીબાજુ જિલ્લા શિક્ષણતંત્ર અને ગ્રામજનોની પકર વચ્ચે બાળકોના અભ્યાસ અને ભાવી ઉપર માઠી અસર પડે તો નવાઈ નહી. ત્યારે હવે જોવું એ રહ્યું કે ગાંધીનગર નિયામક દ્વારા શું નિર્ણય લેવામાં આવશે એતો જોવું રહ્યું.



## પાલનપુરમા બીમાર આખલાની મદદે સરકારી એનિમલ હેલ્પની ગાડી ન આવતા જીવદયાપ્રેમીઓમાં રોષ

પાલનપુર શહેરના ત્રણબત્તી ટાવર પાસે ગતરોજ સવારે કચરાના ઢગલા પાસે બીમાર આખલાની મદદે સરકારી એનિમલ હેલ્પ લાઈનની એમ્બ્યુલન્સ ન આવતા જીવદયાપ્રેમીઓમાં કચવાટની લાગણી ફેલાઈ ગઈ હતી. પાલનપુરના તીનબત્તી વિસ્તારમાં એક આખલો બીમાર પડેલો જોવા મળતા સ્થાનિક રહીશે જીવદયા પ્રેમીઓને જાણ કરતા પંકજભાઈ રાઠોડ તેમજ કાંતિકાકા પૂરોહિત તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. જ્યાંથી તેઓએ સરકારની એનિમલ હેલ્પલાઈન ૧૯૬૨ નો સંપર્ક કરતાં ત્યાંથી ડ્રાઈવર હાજર નથી તેવો ઉડાઉ જવાબ મળ્યો હતો.

જેથી જીવદયા પ્રેમીઓએ પાલનપુરમાં પશુઓની સેવા કરતા પરેશભાઈનો સંપર્ક કર્યો હતો અને પરેશભાઈએ તાત્કાલિક પોતાની એમ્બ્યુલન્સ વાન મોકલી અને આખલાની સારવાર કરી હતી. જો કે જીવદયા પ્રેમીઓએ સરકારની ૧૯૬૨ એનિમલ હેલ્પલાઈન પ્રત્યે રોષ ઠાલવી અને જણાવ્યું હતું કે અમે આ બાબતે કલેક્ટરને પણ રજૂઆત કરવાના છીએ. જોકે મોડે મોડે પણ ૧૯૬૨ એનિમલ હેલ્પલાઈનની વાને આવી અને આખલાને ઈન્જેક્શન તેમજ બોટલો ચડાવવાનું શરૂ કર્યુ હોવાનું જણાવ્યું હતું.

## પાલનપુરમાં ટ્રક ડ્રાઈવરને ત્રણ શખ્સોએ માર માર્યો હોવાની ફરિયાદ

પાલનપુરના એરોમા સર્કલ પાસે એક લકઝરી ચાલક મુસાફરો ભરવા ઊભો હતો. ત્યારે ટ્રક ચાલક પ્રવિણભાઈ સેંધાભાઈ માજીરાણા રહે, હરિપુરા, પાલનપુર પોતાની ટ્રક લઈ ત્યાંથી નીકળ્યા હતા જેમની ટ્રકનો સાઈડ ગ્લાસ લક્ઝરીના સાઈડ ગ્લાસ ને અડી જતાં લક્ઝરી ચાલકે બૂમો પાડી હતી પરંતુ પ્રવિણભાઈ પોતાની ટ્રક લઈ ત્યાંથી હનુમાન ટેકરી બિહારી બાગ સુધી નીકળી જતાં લક્ઝરીના ચાલક સહિતના ત્રણ શખ્સોએ ટ્રકની પાછળ પાછળ જઈ અને ટ્રકને ઉભી રખાવી અને ટ્રક પર છૂટ્ટો પથ્થર માર્યો હતો તેમજ ટ્રક ચાલકના ગાલ પર પણ પથ્થર મારીને ઈજા કરી હતી અને ગડદાપાટુનો માર માર્યો હતો જે બાબતે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ટ્રક ચાલક પ્રવિણભાઈ સેધાભાઈ માજીરાણાએ ચાર શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### શામળાજી પોલીસે ૨૪ કલાકમાં ત્રણ ટ્રક અને એક કારમાંથી

# લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ જપ્ત કરી સપાટો બોલાવ્યો

શામળાજી, તા. ૨૭

બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા મરણિયા બન્યા હોય એર સ્ટ્રાઈકના પગલે રતનપુર ચેકપોસ્ટ પર સઘન પેટ્રોલિંગ અને વાહનોનું ચેકીંગ હોવા છતાં વિવિધ વાહનો મારફતે વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ રહેતા બુટલેગરો જાણે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રનો ખોફ ના હોય તેમ બિન્દાસ્ત જણાયા હતા. શામળાજી પી.એસ.આઈ એમ.પી. ચૌહાણ અને તેમની ટીમે ૨૪ કલાકમાં ૧ ટ્રક, ૧ લકઝુરિયસ કાર અને ૨ ટ્રક-કન્ટેનરમાંથી લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ ઘસડવાનો પેતરો નિષ્ફળ બનાવી સપાટો બોલાવ્યો હતો.





અરવલ્લી જીલ્લાની શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ બુટલેગરોમાં વિદેશી દારૂ ઘુસાડવા સેફ હેવન માનવામાં આવે છે. શામળાજી પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ.પી. ચૌહાણ અને તેમની ટીમે ૨૪ કલાકમાં ચેકપોસ્ટ નજીકના વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરી ૧ કાર અને ત્રણ ટ્રકમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપી પાડતા વિદેશી દારૂ ક્યાં રાખવો તેની મૂંઝવણમાં મુકાવવું પડ્યું હતું.

શામળાજી પોલીસે વેણપુર ગામ નજીક ટ્રક (ગાડી નં એચઆર.૩૯એ.૯૦૬૬) ને અટકાવી કન્ટેનરમાં ગુપ્ત ખાનું બનાવી સંતાડેલી વિદેશી દારૂ બોટલ નંગ-૧૮૦૦ કી. રૂ. ૫૪૦૦૦૦/- જપ્ત કરી ટ્રક ચાલક અશોક મહેન્દ્રસીંગ જાટની ધરપકડ કરી ટ્રકની કીં. રૂ. ૧૦૦૦૦૦૦/- તથા મોબાઈલ-૧ કીં. રૂ. ૧૦૦૦/- મળી કુલ રૂ. ૧૫૪૧૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી ત્યારે અણસોલ ગામની સીમમાંથી શક્તિસિંહ મહેન્દ્રસિંહ રાઠોડ (રહે. ઉદાવતો કી પોલ બોનાંઝાકુડી, પાલી રાજસ્થાન) સ્કોડા કારમાં વિદેશી દારૂ ભરી પસાર થતા શામળાજી પોલીસે ધરપકડ કરી કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૯૬ કી. રૂ. ૩૦૭૨૦ જપ્ત કરી કારની કીં. રૂ. ૩૦૦૦૦૦/- તથા મોબાઈલ-૧ મળી કુલ રૂ.૩૩૧૭૨૦/-નો મુદ્દામાલ જપ્ત કરી બ્યાવારના ટેકેદાર મેવાડજી અને અમદાવાદના હમંતસિંહ રાજપૂતને વિદેશી દારૂ ભરી આપવામાં મદદગારી કરતા કાર ચાલકની ધરપકડ કરી ત્રણે શખ્સો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ટ્રક કન્ટેનરમાં પશુ આહારની આડમાં નરેશ હેમેન્દ્ર રાજપૂત અને સુરેન્દ્રસિંગ હેમરાજ રાજપૂત ની ધરપકડ કરી વિદેશી દારૂની બોટલ નંગ-૧૮૨૪ કી. રૂ. ૫૪૭૨૦૦/-નો વિદેશી દારૂ જપ્ત કરી, મોબાઈલ-૧ કી. રૂ. ૨૦૦૦/- તથા ટ્રકની કી. રૂ.૧૦૦૦૦૦૦/- મળી કુલ રૂ.૧૫૪૯૨૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી. ત્યારે વધુ એક ટ્રક-કન્ટેનરમાંથી લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાતા શામળાજી પોલીસે વિદેશી દારૂની ગણતરી હાથ ધરી હોવાનું શામળાજી પોલીસે જણાવ્યું હતું.

### ધનસુરા-૧ પ્રાથમિક શાળાની અનોખી પહેલ

## ધો-૮માં ભણતી બાળાઓના મા-બાપને અભ્યાસ બાદ પણ ઉચ્ચ શિક્ષણ આપવા સંવાદ યોજ્યો

ધનસુરા, તા. ૨૭

આર્થિક રીતે પછાત અને જરૂરિયાતમંદ પરિવારોની બાળાઓ માત્ર ધો-૮ સુધીનું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શાળાનો અભ્યાસ પરિવારની જરૂરિયાત ખાતર ત્યજી દે છે. તેમનામાં પડેલી સુષુપ્ત શક્તિઓને વિકસવાની તક જ નથી મળતી તે સંજોગોમાં ધનસુરા ખાતેની પ્રાથમિક શાળાના એક વિજ્ઞાન શિક્ષકે આવી બાળાઓને ઉચ્ચ શિક્ષણ મળી શકે તેમજ તેમનામાં પડેલા વિચારોને વિસ્તારની તક મળી શકે તે માટે વાલી પરિસંવાદનું આયોજન કર્યુ હતુ. જેમા ઉપસ્થિત વાલીઓને કન્યાઓના ઉચ્ચ શિક્ષણનું મહત્વ સમજાવી દીકરીઓને માત્ર ઘરકામ પુરતા સીમિત ન રાખી તેમને વિસ્તરવા માટે અવકાશ આપવાની નેમ વ્યકત કરાઈ હતી.



ધનસુરા-૧ પ્રાથમિક શાળાના શિક્ષક કલ્પેશભાઈ ડી. પ્રજાપતિએ ધો-૮ના અભ્યાસ બાદ શિક્ષણને પારિવારિક જવાબદારીઓને કારણે તિલાંજલિ આપતી બાળાઓના સમર્પણથી વ્યથિત થઈ હાલ ધો ૮માં અભ્યાસ કરતી બાલિકઓના માતા-પીતા સાથે પરિસંવાદનું આયોજન કર્યુ હતુ. શાળા પરિવારના સહયોગથી યોજાયેલ આ સંવાદ કાર્યક્રમમાં બાળાઓના માતા-પિતાને દેશના વિકાસમાં મહિલાઓનું મહત્વ સમજાવી બાળલગ્ન પ્રતીબંધ તેમજ ઘરકામને ભોગે બાળાઓના શિક્ષણનો ભોગ ન લેવા બાંહેધરી લેવામાં આવી હતી. સમગ્ર સંવાદ કાર્યક્રમમાં શાળાના શીક્ષિકા પારૂલબેન તેમજ સ્ટાફે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપ્યું હતુ.

### ટીંટોઈ ગ્રામ પંચાયતની ઘોર બેદરકારી

## આરસીસી રોડ બનતા પહેલા નાખેલ પાણીની નવીન પાઈપલાઈન લીકેજ

મોડાસા, તા. ૨૭

ટીંટોઈ ગ્રામપંચાયતમાં વિકાસની ગ્રાન્ટમાંથી માતબર ૧૬ લાખ રૂપિયાના ખર્ચે મેઈન બજારથી ગ્રામ પંચાયત સુધી આર.સી.સી. રોડની કામગીરી ચાલુ છે. આરસીસી રોડ નિર્માણ અગાઉ ગ્રામપંચાયત દ્વારા પુરા પડાતા પીવાના પાણીની જૂની લોંખડની પાઈપલાઈન કાટ ખાઈ જતા બદલી નવીન પીવીસી પાઈપલાઈન નાખ્યા બાદ લીકેજ છેકે નહિ તેની ચકાસણી કરવામાં બેદરકારી દાખવતા તેના પર કોન્ટ્રાક્ટરે નવીન આર.સી.સી. રોડ બનાવી દેતા પાઈપલાઈનમાં લીકેજ હોવાથી કે આરસીસી રોડ બનાવતા સમયે ભંગાણ સર્જાતા ગામલોકોમાં ભારે રોષ ફેલાયો હતો. ગામલોકોએ પાઈપલાઈન નાખ્યા બાદ પ્લમ્બરને પાઈપલાઈન લીકેજ છે કે તે તપાસ કરવા ધ્યાન દોરવા છતાં બેદરકારી દાખવતા નવીન આરસીસી રોડ ખોદી પાણીનું લીકેજ શોધવા પ્રયત્નો હાથ ધર્યા હતા.




પ્રાપ્ત માહિતી અનુસાર ટીંટોઈમાં મુખ્ય બજારમાં બની રહેલો નવીન આરસીસી રોડ પર રોડ નીચેથી પાણી ફૂટતા ગામ લોકોમાં અચરજ ફેલાયું હતું. આરસીસી રોડ પર ગ્રામપંચાયત દ્વારા નાખવામાં આવેલી પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પાણી નવીન આરસીસી રોડ પર ફરી વળતા ગ્રામપંચાયત દ્વારા નવીન બનાવેલ આરસીસી રોડ ખોદી નાખી લીકેજ શોધવાની કામગીરી હાથ ધરી હતી. નવીન આરસીસી રોડ ગ્રામપંચાયતની બેદરકારીના પગલે તોડવાની નોબત આવતા ગામ લોકોમાં ઉગ્ર રોષ સાથે આક્રોશ ફાટી નીકળ્યો હતો અને નવીન આરસીસી રોડ પર થીગડું મારવાની નોબત તો નહિ આવેને તેવી ચર્ચાએ જોર પકડ્યું હતું.

## પાલનપુરમાં જુના જનસંઘીની ચીરવિદાય

પાલનપુર શહેરના જુના જનસંઘી અને રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના સ્વયં સેવક એવા ૭૫ વર્ષીય ચેલભાઈ પટેલનું દુઃખદ નિધન થતા સંઘ સહિત જુના જનસંઘીઓએ આઘાતનો આંચકો અનુભવ્યો હતો.

પાલનપુરના ગણેશપુરા વિસ્તારમાં રહેતા ચેલભાઈ પટેલ દિલ્હી ગેટ અપના સ્ટોર્સ નામની બુક સ્ટોલ ચલાવતા હતા. તેઓ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના રાષ્ટ્રવાદી વિચારોથી રંગાયેલા જુના જનસંઘી અગ્રણી હતા. જનસંઘના સમયે પાયાના કાર્યકરો અને આગેવાનોની બેઠકો તેમની દુકાનના પાટીયા પર જ થતી હતી. જેમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ,કેશુભાઈ પટેલ તેમજ દત્તાજી ચીરંદાસ,પૂર્વ મંત્રી હરજીવન પટેલ, રાજસ્થાન ના પૂર્વ મંત્રી ત્રિકમચંદકાંત સહિતના આગેવાનો બેઠક થતી હતી. તેમની દુકાનનો ઓટલા જ મંચ બની જતો હતો.

## હિંમતનગરના ત્રણ જુગારધામો પર પોલીસનો દરોડો, ૩૩ નબીરા ઝડપાયા

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગરના કેટલાક વિસ્તારોમાં ખુલ્લેઆમ જુગારધામ ચાલી રહ્યા હોવાની બુમ ઉઠવા છતાં સ્થાનિક પોલીસ આંખ આડા કાન કરી રહી હોવાની છાપ પ્રજામાં ઉપસી રહી છે. ત્યારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સોમવારે સાંજે સર્જીકલ સ્ટ્રાઈકની જેમ હિંમતનગરમાં ચાલતા આ ત્રણ જુગારધામો પર દરોડા પાડીને ૩૨ નબીરાઓને રૂ. ૩.૨૩ લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી લેતા હિંમતનગરમાં ચકચાર મચી જવા પામી હતી.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના રેલવે સ્ટેશન સામે આવેલ કાપડ મહાજન માર્કેટ, ન્યાય મંદિર વિસ્તારમાં પેલેસની બાજુની ગલીમાં તેમજ કિફયાતનગર વિસ્તારમાં આવેલ કિફાયતનગર સોસાયટીના એક મકાનમાં ચાલી રહેલા જુગારધામો પર સ્ટેટ મોનીટરીંગ સેલ, બી ડીવીજન પોલીસ અને ગ્રામ્ય પોલીસે સાથે મળી સર્જીકલ સ્ટ્રાઈકની જેમ સપાટો બોલાવતા આ વિસ્તારોમાં દોડધામ મચી જવા પામી હતી. એટલુ જ નહી પણ કેટલાંક જુગારીઓમાં પણ ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. જેના કારણે જુગાર ખેલતા જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. પરંતુ તેઓ ભાગી જવામાં નિષ્ફળ રહ્યા હતા. ત્યારબાદ પોલીસને અગાઉ મળેલી બાતમી મુજબ પ્રવિણ બારોટ નામના શખ્સ દ્વારા કેટલાક લોકોને રાયટર તરીકે રાખી વરલી મટકાનો હાર જીતનો જુગાર રમતા ૧૬ જુગારીઓને ઝડપી લીધા હતા. ત્યારબાદ પોલીસે વરલી મટકાનું સાહિત્ય મળી રૂ. ૧૮,૩૩૦ની રોકડ તેમજ વાહનો મળી રૂ. ૨,૨૨,૮૩૦નો મુદ્દામાલ કબજે લઈ પકડાયેલા ૧૬ જુગારીઓ વિરૂદ્ધ હિંમતનગર બી. ડીવીજન પોલીસસ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.

તે જ પ્રમાણે ન્યાયમંદિર વિસ્તારમાં પેલેસની બાજુમાં આવેલ ગલીમાં દુકાનોની આડશના વરલી મટકાના જુગારધામ પર બી.ડીવીજન પોલીસે દરોડો પાડીને ૪ જુગારીઓને ઝડપી લીધા હતા. જોકે આજ વખતે પોલીસને જોઈને સમીરભાઈ સિદ્દીકભાઈ મણીયાર (રહે. ચાંદનગર) અંધારાનો લાભ લીને ભાગી ગયો હતો. જોકે પોલીસે પાંચ નબીરા વિરૂદ્ધ બી. ડીવીજન પોલીસે રૂ. ૧૧,૭૯૦ રોકડ તથા બે વાહનો મળી કુલ રૂ. ૬૪,૨૯૦નો મુદ્દામાલ કબજે લીધો હતો.



મોડાસા તાલુકાના ભેરૂંડાની એમજે બારોટ માધ્યમિક હાઈસ્કૂલમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના વિદાય સમારોહ સરડોઈ કેળવણી મંડળના પ્રમુખ ઈશ્વરચંદ્ર પી. ભાવસારના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. આ પ્રસંગે કેળવણી મંડળના પ્રમુખ આર.પી. પટેલસ મંત્રી પટેલ તેમજ હોદેદારો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

## શામળાજીના રૂદરડીના ડુંગર અને જંગલમાં આગ લાગતા વનસંપદાને મોટા નુકશાની ભીતિ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લાની ગિરિમાળાઓ અને જંગલોમાં



છેલ્લા ૧૦ દિવસમાં એક પછી એક ડુંગર પર આગ લાગવાના બનાવો બની રહ્યા છે. જેના પગલે વનસંપદાને ભારે નુકશાન થઈ રહ્યું છે. શામળાજી નજીક રૂદરડી ગામ નજીક જંગલ અને ડુંગર પર મંગળવારે આગ લાગતા ધુમાડાના ગોટેગોટા નીકળતા વનવિભાગ તંત્ર ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન હાથ ધાર્યો હતો.

અરવલ્લીની ગીરીમાળાઓમાં સતત આગની ઘાટનો બનતા ડુંગર અને જંગલમાં આગ કોઈ અસામાજક તત્વો દ્વારા લગાડી તેમના દ્વારા કિંમતી લાકડાની ચોરી છુપાવવા આગ લાગવડવામાં આવતી હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ હતી.

શામળાજીના રૂદરડી નજીક આવેલા ડુંગર અને જંગલ વિસ્તારમાં મંગળવારે દવ લાગતા અને ડુંગર પર પ્રસરતા અફરાતફરી મચી હતી. આગ લાગતા જંગલમાં અને ડુંગર પર ઝડપથી પ્રસરતા ધુમાડાના ગોટેગોટા નીકળતા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોમાં ભય ફેલાયો હતો. ડુંગર પર દવ લાગતા વનવિભાગના અધિકારી અને કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

## ગઢની શ્રી ઝવેરી સાર્વજનિક હાઈસ્કૂલમાં ધો.૧૦ ૧૨ના છાત્રોનો દીક્ષાંત સમારોહ યોજાયો

સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે ધો ૧૦-૧૨ના વિદ્યાર્થી ઓનો વિદાય સમારોહ યોજવામા આવ્યો હતો જેમા વિદાય લેતા વિધાર્થીઓ શાળા પરીવાર અને આગેવાનો દ્વારા ઉજ્જવળ ભવિષ્યની શુભકામના ઓ પાઠવવા આવી હતી સહકારી આગેવાન અને બનાસ ડેરીના પુર્વ ચેરમેન પરથીભાઈ ભટોળના અધ્યક્ષ સ્થાને છાત્રોનો દિક્ષાંત સમારોહ યોજાયો હતો જેમા ધો ૧૦-૧૨નો અભ્યાસ પૂર્ણ કરીને બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓને કુમ કુમ તિલક કરીને ઉજ્જવળ ભવિષ્ય ઘડવાની શુભકામનાઓ પાઠવવામા આવી હતી. સમારંભમા વિદાય પામી રહેલા શાળાના ત્રણ ગુરૂજીઓ ભરતભાઈ રાંચી. નિકેશભાઈ ત્રિવેદી અને



આશાબેન પટેલને પણ પરથીભાઈ ભટોળ, કેળવણી મંડળના પ્રમુખ ખોડીદાસ પટેલ દ્વારા શ્રીફળ અને શાલથી બહુમાન કરવામા આવ્યુ હતુ. વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓ અને ગુરૂજીઓએ તેમના સસ્મંરણો વાગોળી શાળા પરીવારના પ્રેમ અને હુફ બદલ સૌનો આભાર માન્યો હતો. પરથીભાઈ ભટોળ, પ્રમુખ ખોડીદાસ પટેલે પ્રાસંગિક ઉદબોધન કરી દાતાઓનો આભાર માન્યો હતો.